4/-

શ્રી કચ્છી વિસા ઓશવાળ જૈન

# ખબર પત્રિકા

પાના ૨૪

સૂર્યોદય - ૦૬.૨૬.૩૯
સંવત - ૨૦૮૨
ભાદરવા સુદ-૦૧, શુક્રવાર
તા. ૧૧-૦૯-૨૦૨૬
સૂર્યાસ્ત - ૦૬.૪૪.૧૫

વર્ષ-૧૦ • અંક-૯૭ • સળંગ અંક - ૨૫૧૪ | ૨૨૬/૨૩૨, નરશી નાથા સ્ટ્રીટ, ભાતબજાર, મુંબઈ-૯. મો. ૮૧૦૪૨૦૯૩૯૨ | ફક્ત મેમ્બરો માટે

દરેક મરણ ખબરમાં લૌકિક વ્યવહાર બંધ છે. | 'સંપર્કનો સેતુ, સંઘ ભાવના એ જ હેતુ' | www.kutchipatrika.org



**લાયજા**ના **અરવિંદ ગણશી હંસરાજ સાવલા** (ઉ.વ.૬૯) ના તા.૮-૯-૨૬ ના હાર્ટફેઈલથી અવસાન પામેલ છે. માતુશ્રી કેસરબેન ગણશીના પુત્ર. હર્ષદાના પતિ. મયંકના પિતા. દક્ષ, જીયાના દાદા. ભાવિનીના સસરા. જેઠાલાલ, છગનલાલ, રતિલાલ, લક્ષ્મીચંદ, દિપકના ભાઈ. લાયજા કસ્તુરબેન જયંતિલાલ, રામાણીયા પ્રભાબેન દિનેશ, નાના આસંબિયા જવેરબેન ખુશાલના ભાઈ. ચંચળ, મંજુલા, પ્રેમીલા, વિમળાના દેર. તૃપ્તિના જેઠ. ગોધરો જેઠીબેન ડુંગરશીના દોહિત્ર. રાયણ ભાનુમતી (જયા) ધનજી રવજીના જમાઈ. પ્રેમલ વિજય, અક્ષદા અશ્વિન, બીના સુનીલ, નાની ખાખર જ્યોત્સના જયંત, કોડાય કુસુમ દિનેશ, શેરડી પુષ્પા રમેશના બનેવી. રાયણના હાંસબાઈ શીવજી, દેવકાબેન ખીમજીના દો.વર. છાયા જયેશ, અર્ચના ચેતન, સોનલ કલ્પેશ, કુંદન, મીના, ચેતના, આશા, મીતા, બીના, લીના, પ્રીતિ, પલ્લવી, જાન્વીના કાકા. કેવલ, મલ્લિકા, ધ્વનિ, ઓનીલના ફુઆ. રોનકના માસા. સુનિલ, વિપુલ, હંસા, હેમા, સીમા, જીજ્ઞા, નિતીન, જયેશ, શિલ્પા, ધવલ, ભાવિન, નેહલના મામા. મેઘબાઈ મુરજીના ભત્રીજા. રાયણ વિજયાબેન પોપટલાલ ભ.વર. મો.ખાખર ધીરજ નાગજીના વેવાઈ. **પ્રાર્થના રાખેલ નથી. ચક્ષુદાન-ત્વચાદાન કરેલ છે.** નિ. અરવિંદ સાવલા, સી-૨, ટી-૧૧૪, મહાવીર જૈન કો.હા.સો., શંકર ગલ્લી, કાંદિવલી (વે) -૪૦૦૦૬૭. હર્ષદા-૯૩૨૪૬૨૨૪૯૯.

4/1/1 --------- (1-1)



**સામખીયારી**ના **ડો. શ્રી હેમરાજ વીરમ હરગણ શાહ (છેડા)** (ઉ.વ. ૮૬) ૦૮-૦૯-૨૬ના અવસાન પામ્યા છે. સ્વ. ધનીબેન વીરમ હરગણના સુપુત્ર. સ્વ. કેશરબેનના પતિ. ઉદય, સ્વ. રેખા, અરવિંદના પિતાશ્રી. નયના, મનફરાના નવિન ભીમશી સત્રાના સસરા. દક્ષ, વ્રજ, નિશાના દાદાજી. જયનીના દાદાજી સસરા. અન્વિના પરદાદા. નક્ષી, દીપના નાનાજી. વિશ્વાસ ચોકસી-મુંબઈ, સલોનીના નાનાજી સસરા. મણશી, સ્વ. વેલજી, સ્વ. લક્ષ્મીબેન, સ્વ. લીલાબેન, સ્વ. આસઈબેનના ભાઈ. સ્વ. લાડુબેન, ગં.સ્વ. અમૃતબેનના દીયર. સામખીયારીના પચાણ ગાંગજી કારીયા, લાકડીયાના વાલજી તેજશી ગાલા, ભચાઉના મગનલાલ પરબત સાવલાના સાળા. લાકડીયાના સ્વ. નાનુબેન આસુભાઈ મેપશી ગાલાના જમાઈ. મનફરાના ગં. સ્વ. પાર્વતીબેન ભીમશી નાંઈયા સત્રા, આધોઈના સ્વ. હીમાબેન નરશી પોપટ ગડા, જામનગરના અ.સૌ. નિશાબેન સંજયભાઈ ઝવેરીના વેવાઈ. **પ્રાર્થના : શુક્રવાર, તા. ૧૧-૯-૨૦૨૬, બપોરે ૧.૩૦ થી ૪.૧૫. પ્રાર્થના સ્થળ : યોગી સભાગૃહ, દાદર (ઈસ્ટ).** નિવાસ : ઉદય શાહ, ૧૪૧-બી, લોઈડ્સ ગાર્ડન, આપ્પાસાહેબ મરાઠે માર્ગ, પ્રભાદેવી, મુંબઈ-૨૫. ઉદય શાહ-૯૮૨૦૩૩૬૨૫૬.

4/1/1 --------- (1-2)



**દેઢીઆ**ના **માતુશ્રી ભાણબાઈ પાસુભાઈ પાસડ** (ઉ.૯૦) તા. ૯-૯-૨૬ ના અવસાન પામેલ છે. રતનબેન મોતી હિરજી ના પુત્રવધુ. પાસુભાઈના પત્ની. ખુશાલ, જયંતી, વિજયના માતુશ્રી. ગુણવંતી, અમૃત, ઉષાના સાસુ. પ્રિયેશ, હાર્દિક, ક્રીના વિપુલ, સ્નેહા મિતેશ, હેતલ અંકિતના દાદી. ચાર્મી, કૃતિના મોટા સાસુ. કલ્યાણજી, દામજી, ખીમજી, રાયધણજરના મઠાબાઈ કુંવરજી, કોટડીના રાજબાઈ ભિમશીના ભાભી. રતનબેનના દેરાણી. જશવંતી, વિમળા / કસ્તુરના જેઠાણી. શેરડીના દેવાબાઈ વેલજીના પુત્રી. પ્રેમજીભાઈના બેન. ભચીબેનના નણંદ. લક્ષ્મીકાંત, વાસંતિ, ઉર્મિલા, મિનાના ફુઈ. વંદનાના ફોઈ સાસુ. હર્ષના મોટા દાદી. નિવ, નિશી, મલય, પર્વ ના મોટા નાની. પુનશી દેવચંદ, કિરણ, પંકજ, અશ્વિન, હિતેશ, નિર્મળા, પ્રેમિલા, રશ્મિ, હિના, રૂપલ, ભાવિકાના કાકી. ચંચલ, વિમળા, મનિષા, છાયા, જયા, રેખાના કાકી સાસુ. ખારુઆ ના વેલબાઈ માવજી, હાલાપુરના પધિબેન નેણશી, કુંદરોડી ના ઝવેરબેન પ્રેમજીના વેવાણ. કોટડા ના રમિલા કાન્તીલાલ, બિદડાના મંજુલા જેઠાલાલ, ગોધરાના ભારતી કિર્તી, ભુજપુરના જ્યોતી નરેન્દ્ર, મહુઆના નિલા જીગ્નેશના મોટા વેવાણ. **પ્રાર્થના રાખેલ નથી.** નિ. વિજય પાસડ, અ-૨૦૧, શિતલ દર્શન, પાંડુરંગ વાડી, મોડલ સ્કુલ, ડોંબિવલી (ઈ). ૪૨૧૨૦૧. ખુશાલ-૯૮૩૩૩૪૮૧૧૬, જયંતી-૯૯૩૦૪૦૩૦૧૮, વિજય-૭૯૭૭૭૪૨૬૭૫.

4/1/1 --------- (1-3)

KVOSJM
STHANAKWASI JAIN MAHAJAN
શ્રી કચ્છી વીશા ઓશવાળ સ્થાનકવાસી જૈન મહાજન-મુંબઈ
૭૦/૮૦, ડો. આંબેડકર રોડ, વોલ્ટાસની સામે, ચીંચપોકલી (ઈ.), મું.-૧૨.
સંપર્ક: 9082271273, સમય : ૧૧ થી ૫

દેવલાલી આરોગ્યધામ
શ્રી દેવજી ખેતશી
આરોગ્યધામ દેવલાલીમાં
અમુક 2 BHK સુપર ડિલક્ષ બ્લોકો
તા. ૧ થી ૩૦ ઓક્ટોબર સુધી અને
અમુક 1 BHK સુપર ડિલક્ષ બ્લોકો
તા. ૧૬ થી ૨૯ ઓક્ટોબર સુધી
૭ (સાત) અને ૧૪ (ચૌદ)
દિવસના વપરાશ માટે ઉપલબ્ધ છે.
વહેલા તે પહેલાના ધોરણે
નોંધી આપવામાં આવશે.
વધુ વિગત માટે મહાજનશ્રીના કાર્યાલયમાં સંપર્ક કરવો.
લિ. કન્વીનર : શ્રી મોતીલાલ મગનલાલ વીરા

## શ્રી સંયુક્ત ખબર પત્રિકા સમિતિ

## અગત્યની જાહેરાત

### તપસ્વીઓની નામાવલી અંગેની એક લીટીની જાહેરાત નિઃશુલ્ક

**પધાર્યા છે પર્વાધિરાજ પર્યુષણ ઉજવીએ ઉત્સાહ ઉમંગથી**
**ધર્મ, આરાધના, જ્ઞાન દર્શન, ચારિત્ર તપથી...**

પર્યુષણ પર્વ દરમ્યાન અઠ્ઠાઈ કે તેથી વધુ તપશ્ચર્યા કરનાર તપસ્વીઓની નામાવલી ખબર પત્રિકામાં દર વર્ષે છપાય છે તે મુજબ આ વર્ષે એક લાઈનની જાહેરાત વ્યક્તિગત અનેસંઘમાં સામુહિક રીતે આવનારી જાહેરાતો છાપવામાં આવશે.

**શ્રી સંઘ અને સમાજના લાભાર્થે તપની અનુમોદનાર્થે આ જાહેરાતો નિઃશુલ્ક છપાશે તેની નોંધ લેશો.**

આ જાહેરાતમાં અનુક્રમે તપસ્યાની વિગત (અઠ્ઠાઈ-દસ વિ.વિ.), તપસ્વીનું નામ, કચ્છનું ગામ અને તપશ્ચર્યાનું સ્થળ આટલું જ ડુપ્લીકેટમાં લેટર હેડ ઉપર લખીને મોકલશો. જેમણે પણ જે તે સંઘમાં સામુહિકમાં નામ આપેલ હોય તેમણે વ્યક્તિગત જા.×ખ.માં નામ આપવા નહીં. તેવી જા.×ખ. સ્વીકારાશે નહીં. (એક જ વાર નામ છપાશે.)

સંઘો-મહાજનો કે મંડળોએ પોતાના લેટરપેડ પર સંઘ, ઉપાશ્રય કે સ્થાનકના નામનું મથાળુ લખી, ઉપર મુજબના અનુક્રમ પ્રમાણે **શનિવાર, તા. ૧૨/૦૯/૨૦૨૬** બપોરના ૧૨ વાગ્યા સુધીમાં સંસ્થાના કાર્યાલયમાં (ભાતબજાર દેરાસર, ૨૨૬/૨૩૨ નરશી નાથા સ્ટ્રીટ, મુંબઈ-૯) વિગત મોકલવાની રહેશે. આટલી વિગત સિવાયની અન્ય કોઈ પણ વિગત પ્રસિધ્ધ કરવામાં નહી આવે. (બપોરે ૧૨ વાગ્યા પછી જાહેરાતો સ્વીકારવામાં આવશે નહીં) ટેલીફોન કે ફેક્સ ઉપર કોઈ વિગત સ્વીકારવામાં નહીં આવે. **શનિવાર, તા. ૧૨/૦૯/૨૬ ના સ્વીકારેલ જાહેરાત સોમવાર, તા. ૧૪/૦૯/૨૬ ના પ્રસિધ્ધ થશે.**

### ૩૦ ઉપવાસ કે તેનાથી વધારે

૩૦ કે તેથી વધારે સળંગ ઉપવાસ કરનારાઓએ તપસ્વીઓની યાદી ઉપરાંત **તેમનો ફોટો (પાછળ નામ લખવું) તપસ્યાની વિગત, તપસ્વીનું નામ, કચ્છમાં ગામ અને તપશ્ચર્યાનું સ્થળ લખી મોકલે.** યોગ્ય સમયે આ વિગત ફોટો સહિત ફ્રીમાં પ્રસિધ્ધ કરવાની ધારણા છે.

જેમાં એકાંતરે ઉપવાસ આવતાં હોય તેવી તપસ્યા કરનારા તપસ્વીઓએ કૃપા કરી આ યાદીમાં વિગત મોકલવી નહીં. આ જાહેરાત માત્ર **સળંગ ઉપવાસ કરનારાઓ માટે છે.**

### સ્વપ્નાના ઘૃત અંગે

મુંબઈ-કચ્છ તેમજ અન્યત્ર સ્વપ્નાના ઘૃતની બોલીની વિગત, સંબંધિત સંસ્થાના લેટરહેડ પર **રવિવાર, તા.૧૩/૦૯/૨૦૨૬ના બપોરે ૧૨ સુધીમાં** સંસ્થાના કાર્યાલયમાં પહોંચાડવી અથવા **E-mail : kvoskp@gmail.com** પર મોકલાવી Mail મળ્યો કે નહીં તે અંગે પુછી લેવું. આ જાહેરાત વિના મૂલ્યે પ્રસિધ્ધ કરવામાં આવશે.

### અગત્યની સૂચનાઓ

તપસ્વીઓની નામાવલી અને સ્વપ્નાનું ઘૃત એ બન્ને જાહેરાતો જુદા જુદા કાગળમાં લખી મોકલવી. તપસ્વીઓની નામાવલી અને સ્વપ્નાના ઘૃતની જાહેરાતો **સોમવાર, તા. ૧૪/૦૯/૨૦૨૬** ની ખબર પત્રિકામાં પ્રસિધ્ધ કરવામાં આવશે. તપસ્વીઓની નામાવલી સિવાયની અન્ય જાહેરાતો અનુકુળતાએ છાપવામાં આવશે. જેની નોંધ લેશો.

**સોમવાર, ૧૪/૯/૨૬ના ગણેશ ચતુર્થી નિમિત્તે પ્રેસ બંધ હોવાથી ૧૫/૯/૨૦૨૬ના પત્રિકા પ્રસિધ્ધ થશે નહીં.**

**મંગળવાર, તા. ૧૫/૦૯/૨૦૨૬ ના સવંત્સરી નિમિત્તે પત્રિકા ઓફીસ બંધ રહેશે.**

**તેમજ મંગળવાર, તા.૧૫/૯/૨૦૨૬ ની પત્રિકા પ્રસિધ્ધ થશે નહીં તેની ખાસ નોંધ લેશોજી.**

**બુધવાર, તા. ૧૬/૯/૨૦૨૬ ના દિવસે પત્રિકા ઓફિસ ચાલુ રહેશે.**

:: ભવદીય ::

માનદ્ મંત્રીઓ : રાજેન કાંતીલાલ ધરોડ • CA પુષ્પાબેન અશોક શાહ (છેડા)

**શ્રી સંયુક્ત ખબર પત્રિકા સમિતિ**

|| શ્રી જીરાવલ્લા પાર્શ્વનાથાય નમઃ ||

|| અચલગચ્છ શણગાર શ્રી આર્ય-કલ્યાણ-ગૌતમ-નીતિ-ગુણ-ગુણોદય-કલાપ્રભ-કવીન્દ્ર-વીરભદ્ર-મહોદયસાગરસૂરિ ગુરૂભ્યો નમઃ ||

# શ્રી કચ્છી વિશા ઓશવાળ દેરાવાસી જૈન મહાજન-મુંબઈ

# શ્રી ઘાટકોપર કચ્છી જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક સંઘ

## શ્રી જીરાવલ્લા પાર્શ્વનાથ દેરાસર ઘાટકોપરના આંગણે...

# પર્વાધિરાજ પર્યુષણ પર્વનો પાંચમો દિવસ




ભાદરવા સુદ ૨
શનિવાર

12th SEPT. 2026

૧૪ સ્વપ્ન દેખે ત્રિશલા માતા,
પ્રભુ જન્મે નરકે પણ અજવાળા થાતા,
૫૬ દિક્કુમારી સૂતિ કર્મ કરે હરખાતા, સિધ્ધાર્થ દરબારે
મંગલ ગીતો ગવાતા ભક્તો-આનંદે પારણું ઝુલાવતા...
સ્વપ્નો સૂચવે પ્રભુનો આગમન,
અનુકરણ કરશું મનભાવન,
સ્વપ્નોના ઈતિહાસને ખોલતો દિવસ એટલે
મહાનગરી મુંબઈના ઘાટકોપર તીર્થે...
શ્રી જીરાવલ્લા દરબારે...



અચલગચ્છાધિપતિશ્રીના આજ્ઞાનુવર્તીની
વાત્સલ્યવારિધિ પ.પૂ. સા. વિમલગુણાશ્રીજી મ.સા.ના સુશિષ્યા સમતામૂર્તિ પ.પૂ. સા. અનંતપૂર્ણાશ્રીજી મ.સા. ના શિષ્યા
પ.પૂ. સા. શ્રી દિવ્યપૂર્ણાશ્રીજી મ.સા. અને પ.પૂ. સા. શ્રી મંત્રપૂર્ણાશ્રીજી મ.સા. આદી ઠાણા ૨ની પાવનકારી નિશ્રામાં
ચાતુર્માસ અવસરે દરરોજ સવારે જિનવાણી સાંભળવા પધારો તપ-જપ-પ્રતિક્રમણ આદિ ધાર્મિક આરાધનાઓ ચાલુ છે.

## ...સાધર્મિક ભક્તિના લાભાર્થી...

# શ્રીમતી કસ્તુરબેન જયંતીલાલ જેઠા વિકમાણી (કોટડા રોહા)

## હસ્તે : ચિ. કૈરવી, ચૈત્ય, હૃદયા સચીન વિકમાણી

### ....કાર્યક્રમ....

સવારે ૬.૦૦ ક. : રાઈ પ્રતિક્રમણ
સવારે ૮.૩૦ ક.: વ્યાખ્યાન, શ્રી મહાવીર સ્વામી ભગવાનના જન્મ વાંચન, સ્વપ્ન દર્શન ત્યારબાદ ૧૪ સ્વપ્નાના ઘ્રુતની ઉછમણી અને અષ્ટમંગલના ચડાવા
સાંજે ૭.૦૦ ક. : પ્રતિક્રમણ
રાત્રે ૮.૩૦ ક.: રાત્રી ભાવના - શ્રી જીરાવલ્લા સંસ્કાર કુંજ અને ટિની મિની પાઠશાળા દ્વારા
"જૈન ધર્મ કા સાર - જીવન કા આધાર"
સ્વાગત ગીત, જિન શાસનનાં બાળકોનું ભક્તિ સાથે નૃત્ય ગીત

### ::: આંગીના લાભાર્થી :::

- માતુશ્રી મેઘબાઈ દામજી શામજી શાહ (ગઢસીસા)
- જયશ્રીબેન નિરંજન ગોસર (ગોધરા)
- આરવ શ્રધ્ધા કરણ પિયુષભાઈ સતરા (ગુંદાલા)
- ભારતીબેન પ્રતાપરાય શાહ પરિવાર (ભાવનગર)
- પ્રેક્ષા તેજશ શાહ (ધ્રાંગધ્રાં)
- દિવ્યમ ભાવિકા મેહુલ વિકમાણી (કોટડા રોહા)
- મોક્ષીતા જીતેન્દ્ર જૈન (વિરામી ફાલના)

શ્રી જીરાવલ્લા પાર્શ્વનાથ તિર્થમાં

## મહા આંગી

પ્રસ્તુત

### જીરાવલ્લા યુથ ફોરમ

જિનાલયમાં મહા આંગીના દર્શન કરવા પધારવા વિનંતી.

## શ્રી સકળ સંઘને લાભ લેવા વિનંતી...

જય જીરાવલ્લા !   લિ. માનદ્ મંત્રીઓ   જય જીરાવલ્લા !

UPASANA - 9820167767

॥ શ્રી જીરાવલ્લા પાર્શ્વનાથાય નમઃ॥

॥ અચલગચ્છ શણગાર શ્રી આર્ય-કલ્યાણ-ગૌતમ-નીતિ-ગુણ-ગુણોદય-કલાપ્રભ-કવીન્દ્ર-વીરભદ્ર-મહોદયસાગરસૂરિ ગુરૂભ્યો નમઃ ॥

# શ્રી કચ્છી વિશા ઓશવાળ દેરાવાસી જૈન મહાજન-મુંબઈ

# શ્રી ઘાટકોપર કચ્છી જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક સંઘ

## શ્રી જીરાવલ્લા પાર્શ્વનાથ દેરાસર ઘાટકોપરના આંગણે...

## પર્વાધિરાજ પર્યુષણ પર્વનો પાંચમો દિવસ

ચાતુર્માસ ૨૦૨૬

ભાદરવા સુદ ૨
શનિવાર
12th SEPT. 2026

# શ્રી મહાવીર સ્વામી ભગવાનના જન્મ વાંચન-સ્વપ્નનાં ચડાવા અને અષ્ટ મંગલના ચડાવા રહેશે.

અચલગચ્છાધિપતિશ્રીના આજ્ઞાનુવર્તીની વાત્સલ્યવારિધિ પ.પૂ. સા. વિમલગુણાશ્રીજી મ.સા.ના સુશિષ્યા
સમતામૂર્તિ પ.પૂ. સા. અનંતપૂર્ણાશ્રીજી મ.સા. ના શિષ્યા
પ.પૂ. સા. શ્રી દિવ્યપૂર્ણાશ્રીજી મ.સા. અને પ.પૂ. સા. શ્રી મંત્રપૂર્ણાશ્રીજી મ.સા. આદી ઠાણા ૨ની પાવનકારી નિશ્રામાં
ચાતુર્માસ અવસરે દરરોજ સવારે જિનવાણી સાંભળવા પધારો તપ-જપ-પ્રતિક્રમણ આદિ ધાર્મિક આરાધનાઓ ચાલુ છે.

## અષ્ટ મંગલ




ખાસ નોંધ : અષ્ટમંગલના ચડાવા લેનાર ભાગ્યશાળી પરિવારને અષ્ટમંગલ ભેટ આપવામાં આવશે.

...સાધર્મિક ભક્તિના લાભાર્થી...

## શ્રીમતી કસ્તુરબેન જયંતીલાલ જેઠા વિકમાણી (કોટડા રોહા)

હસ્તે : ચિ. કૈરવી, ચૈત્ય, હૃદયા સચીન વિકમાણી

જય જીરાવલ્લા ! લિ. માનદ્ મંત્રીઓ જય જીરાવલ્લા !

UPASANA - 9820167767

|| શ્રી આદિનાથાય નમઃ || || શ્રી સુવિધિનાથાય નમઃ || || શ્રી જિરાવલ્લા પાર્શ્વનાથાય નમઃ ||

|| શ્રી આર્ય-કલ્યાણ-ગૌતમ-ગુણ-ગુણોદય-કલાપ્રભ-કવીં-વીર-મહોદયસાગરસૂરિભ્યો નમઃ ||

# શ્રી કચ્છી વીસા ઓશવાળ દેરાવાસી જૈન મહાજન-મુંબઈ

૨૨૬-૨૩૨ નરશી નાથા સ્ટ્રીટ, ભાતબજાર જૈન દેરાસર, મુંબઈ-૪૦૦૦૦૯. મો.નં. 9152666101

દીર્ઘ સંયમી - સ્વાધ્યાય પ્રેમી - તપોનિષ્ઠા - શત્રુંજય લીના

## પ.પૂ.સા. શ્રી ચંદ્રપ્રભાશ્રીજી મ.સા.

ને શિષ્યા - પ્રશિષ્યા સહ દેરાવાસી મહાજનવતી શબ્દાંજલિ...



### દીર્ઘ સંયમી પ.પૂ. સા. શ્રી ચંદ્રપ્રભાશ્રીજી મ.સા.ને ૩૩મી પુણ્યતિથી એ સ્મરણાંજલિ....

યાદ આવે છે વતન કુમરામાં વીતાવેલું બચપન,
કારાણી ગોત્રના કંકુ વસનજી માવતરે કર્યુ જતન,
હાથ પકડી પુ. પુષ્પાશ્રીજી મ.સા. બન્યા સંયમ પ્રેરક,
અંતિમ ક્ષણે મળ્યુ સાનિધ્ય શત્રુંજયનું મનમોહક....

ગુરૂમૈયા અને જ્ઞાનશાળાનું હતું શ્રેષ્ઠ આલંબન,
ગુરૂબેનો અને સહપાઠીઓ સાથે થતુ સ્વાધ્યાય ગુંજન,
તપ-ત્યાગ ને સંયમ -અભ્યાસમાં રહેતું મનોમંથન,
જિંદગીભર લક્ષ્ય સાધી કર્યુ આત્માના કર્મોનું ભંજન...

ગામ બાડાની નવયૌવનાને આપ્યો સંયમ પ્રતિબોધ,
સા. વિજય-વિરાગની જોડીને દેખાડ્યો રાહ આત્મ શોધ,
ગ્રામાનુ ગ્રામ વિચરી અંતે કર્યો સિદ્ધગિરિમાં સ્થિરવાસ,
ક.વિ.ઓ મહાજનને મળ્યો અંતિમ નિર્યામણા વખતનો સહવાસ...

આત્માને પરમાત્મા બનાવવા તરફ માંડેલુ એક કદમ,
ભાદરવા સુદ-૧ ના દિવસે સાધ્યું આત્મલક્ષ્ય સંધાન,
નમો સિદ્ધાણં પદના ઉચ્ચાર સાથે ઉડ્યો આતમરામ,
રત્નને તત્વત્રયીના સાનિધ્યે મળી ગયું સમાધિનું વિજય વરદાન...



લિ. શ્રી કચ્છી વીસા ઓશવાળ દેરાવાસી જૈન મહાજન-મુંબઈ



પ્રાર્થનાસભા અને શ્રદ્ધાંજલિ સભા તા.૧૧-૯-૨૦૨૬ શુક્રવાર. બપોરે ૧.30 થી ૪.૧૫ ક.

# સ્વ. હેમરાજ (હેમુદાદા) વીરમ હરગણ છેડા (શાહ)

ગામ સામખીયારી

ઉંમર વર્ષ - ૮૬

પ્રભાદેવી નેપીયન્સી રોડ

**અરિહંતશરણ : મંગળવાર, તા. ૮-૯-૨૦૨૬**

સૌ સાથે સ્નેહભર્યા સંબંધો જાળવનારા, સાંસારિક ફરજોનું સુપેરે વહન કરનારા, સમતા-સહનશીલતામાં મક્કમ મનોબળ ધરાવનારા
... પ્રભુગૃહે પ્રયાણ કરીને શાશ્વત સુખને પામે એ જ પ્રાર્થના સહ ભાવ વંદના ...

માતા-પિતા : સ્વ.ધનીબેન વીરમ હરગણ છેડા-સામખીયારી
નાના-નાની : સ્વ. મુરઈબેન કુડા આણંદા નંદુ

**ધર્મપત્નિ : સ્વ.કેસરબેન હેમરાજ વીરમ છેડા**

દાદાઈ સાસુ-સસરા : સ્વ.વેજીબેન મેપશી ગાલા-લાકડીયા
સાસુ-સસરા : સ્વ. નાનુબેન આસુભાઈ મેપશી ગાલા-લાકડીયા

| | | |
|---|---|---|
| પુત્ર-પુત્રવધૂ | : અ.સૌ. નયના ઉદય હેમરાજ છેડા | સામખીયારી |
| | શ્રી અરવિંદ હેમરાજ છેડા | સામખીયારી |
| પુત્રી-જમાઈ | : સ્વ. રેખા શ્રી નવીન ભીમશી સત્રા | મનફરા |
| | અ.સૌ. ભાવિકા નવીન ભીમશી સત્રા | મનફરા |
| પૌત્ર-પૌત્રવધૂ | : અ.સૌ. જયની દક્ષ ઉદય છેડા | U.S.A. |
| પૌત્રી | : નિશા ઉદય હેમરાજ છેડા | સામખીયારી |
| પૌત્ર | : વ્રજ અરવિંદ છેડા | U.S.A. |
| પરપૌત્ર | : અગ્નીવ દક્ષ ઉદય હેમરાજ છેડા | U.S.A. |
| દોહિત્રી-દો.વર | : નક્ષી અને વિશ્વાસ | મુંબઈ |
| દોહિત્ર-દોહિત્રવહુ | : અ.સૌ. સલોની દિપ નવીન સત્રા | મનફરા |
| મોટા ભાઈ-ભાભી | : સ્વ. લાકુબેન મણશી વીરમ છેડા | સામખીયારી |
| | ગં.સ્વ. અમૃતબેન વેલજી વીરમ છેડા | સામખીયારી |
| બેન-બનેવી | : સ્વ.લક્ષ્મીબેન પચાણ ગાંગજી કારીયા | સામખીયારી |
| | સ્વ.લીલાબેન વાલજી તેજશી ગાલા | લાકડીયા |
| | સ્વ.આસઈબેન મગનલાલ પરબત સાવલા | ભચાઉ |
| ભત્રીજા-ભ.વહુ | : અ.સૌ. જયશ્રીબેન પ્રવિણ મણશી છેડા | સામખીયારી |
| | અ.સૌ. દિપાબેન જવાહર મણશી છેડા | સામખીયારી |
| | ગં.સ્વ. નિર્મલાબેન પ્રકુલ મણશી છેડા | સામખીયારી |
| | સ્વ. મણીબેન શ્રી જયંતિલાલ વેલજી છેડા | સામખીયારી |
| | અ.સૌ. જશુબેન મધુકાંત વેલજી છેડા | સામખીયારી |
| | અ.સૌ. વર્ષાબેન ખીમજી વેલજી છેડા | સામખીયારી |
| | સ્વ. જયેરબેન/અ.સૌ. દમયંતી કાંતિલાલ વેલજી છેડા | સામખીયારી |
| | અ.સૌ. કસ્તુરબેન ભરત વેલજી છેડા | સામખીયારી |
| ભત્રીજી-ભ.વર | : અ.સૌ. રૂક્ષ્મણી શામજી ચાંપશી ગડા | સામખીયારી |
| | અ.સૌ. જયશ્રીબેન દિપક લખમશી કુરીયા | આધોઈ |
| ભાણેજ-ભા.વહુ | : ગં.સ્વ. શાંતીબેન હંસરાજ પચાણ કારીયા | સામખીયારી |
| | ગં.સ્વ. પાર્વતીબેન મેઘજી વાઘજી ગાલા | લાકડીયા |
| | ગં.સ્વ. કસ્તુરબેન શામજી વાઘજી ગાલા | લાકડીયા |
| | અ.સૌ. રંજનબેન કિરીટ મગનલાલ સાવલા | લાકડીયા |
| | અ.સૌ. નીતાબેન પ્રવિણ વાઘજી ગાલા | લાકડીયા |
| | અ.સૌ. ચેતનાબેન ચેતન મગનલાલ સાવલા | લાકડીયા |
| ભાણેજ | : શ્રી શાંતિલાલ વાઘજી ગાલા | લાકડીયા |
| ભાણેજી-ભા.વર | : સ્વ. રતનબેન શ્રી જયંતિલાલ હરખચંદ છેડા | લાકડીયા |
| | અ.સૌ. કસ્તુરબેન રવજી લખમશી ગડા | શીવલખા |
| | અ.સૌ. વિદ્યાબેન સુરેશ પોપટ ગાલા | ભચાઉ |
| સંસારપક્ષે ભાણેજી કાળધર્મ | : બા.બ્ર.શ્રી પ્રેક્ષાબાઈ મહાસતીજી | લાકડીયા |
| કા. પૌત્ર-પૌત્રવધૂ | : અ.સૌ. પ્રિયલબેન સમીર પ્રવિણ છેડા | સામખીયારી |
| | અ.સૌ. જીગ્ના ભાવિક પ્રકુલ્લ મણશી છેડા | સામખીયારી |
| | અ.સૌ. હીનાબેન આશિષ જયંતિલાલ છેડા | સામખીયારી |
| | અ.સૌ. જયશ્રીબેન દિવ્યેશ મધુકાંત છેડા | સામખીયારી |
| | અ.સૌ. પૂર્વીબેન જીમેશ ખીમજી છેડા | સામખીયારી |
| | અ.સૌ. સ્નેહા અમર કાંતિલાલ છેડા | સામખીયારી |
| | સ્વ. બાબો મધુકાન્ત વેલજી છેડા | સામખીયારી |
| કાકાઈ પૌત્રી | : ફોરમ પ્રવિણ મણશી છેડા | સામખીયારી |
| | કૃતિ જવાહર છેડા | |
| | સ્વ. જીનલ ભરત વેલજી છેડા | સામખીયારી |
| | રૂપા ભરત વેલજી છેડા | સામખીયારી |
| કા. પૌત્રી-જમાઈ | : અ.સૌ.શ્રેયાબેન વિજય બાબુભાઈ રાંભિયા | મનફરા |
| | અ.સૌ. ડાલીબેન ભાવિન અશ્વિન માલદે | જામનગર |
| પૌત્રી-જમાઈ | : અ.સૌ. વંદનાબેન વિજય ભાણજી ગાલા | લાકડીયા |
| | અ.સૌ. દીપાબેન ફાલ્ગુન સુરેશ ગડા | ગાગોદર |
| | અ.સૌ. હેતલબેન નિમિષ શામજી ગાલા | મનફરા |
| | અ.સૌ. અવનીબેન વિનલ દામજી સાવલા | ખારોઈ |
| | અ.સૌ. નેહલબેન નિશીત પ્રવિણ નિસર | લાકડીયા |
| | અ.સૌ. ભક્તિબેન હિરેન મણીલાલ ગાલા | લાકડીયા |

(CLA-11207)

| | | |
|---|---|---|
| | અ.સૌ. દર્શનાબેન મયુર કાનજી કુરીયા | આધોઈ |
| | અ.સૌ. ખ્યાતિબેન નિખીલ જયંતિલાલ કુરીયા | સુવઈ |
| | અ.સૌ. ભૂમિબેન હિતેશ કરમશી ગાલા | લાકડીયા |
| કા. દોહિત્ર-દો.વધૂ | : અ.સૌ. ભૈરવી હિતેન દિપક કુરીયા | આધોઈ |
| | અ.સૌ. ફોરમ ભાવિક દિપક કુરીયા | આધોઈ |
| | અ.સૌ. ભાવનાબેન હિતેશ શામજી ગડા | સામખીયારી |
| | અ.સૌ. પ્રિતીબેન આશિષ શામજી ગડા | સામખીયારી |
| ફુઈ-ફુઆ | : સ્વ. જેઠીબેન નરશી કાંઈયા ગડા | સામખીયારી |
| | સ્વ. નાંગલબેન માલશી પૂંજા ગાલા | લાકડીયા |
| | સ્વ. વાલીબેન લધા થોભણ ગડા | લાકડીયા |
| ફુઈ. ભાઈ-ભાભી | : સ્વ. માનુબેન વિજપાર નરશી ગડા | સામખીયારી |
| | સ્વ. કરમાબેન પાલણ નરશી ગડા | સામખીયારી |
| | સ્વ. વેજીબેન શ્રી પ્રેમજી લધા ગડા | લાકડીયા |
| કાકા-કાકી | : સ્વ. સુમાબેન મેઘણ હભુ છેડા | સામખીયારી |
| | સ્વ. ચાંપુબેન લુંભા હભુ છેડા | સામખીયારી |
| | સ્વ. વેજીબેન માઈયા હભુ છેડા | સામખીયારી |
| | સ્વ. ભમીબેન વીરમ હભુ છેડા | સામખીયારી |
| | સ્વ. ગૌરીબેન મેકણ કુંભા છેડા | સામખીયારી |
| | સ્વ. વીરાબેન ઉગા ખેતશી છેડા | સામખીયારી |

**મોસાળ પક્ષ**

| | | |
|---|---|---|
| મામા-મામી | : સ્વ. કરમાબેન રાયશી કુડા નંદુ | ભચાઉ |
| મામાઈ ભાઈ-ભાભી | : સ્વ. દીવાળીબેન શાંતિલાલ રાયશી નંદુ | ભચાઉ |
| | અ.સૌ. શોભનાબેન ધીરજ રાયશી નંદુ | ભચાઉ |
| | ગં.સ્વ. મંજુલાબેન ઈશ્વરલાલ રાયશી નંદુ | ભચાઉ |
| | ગં.સ્વ. અમૃતબેન ચીમનલાલ રાયશી નંદુ | ભચાઉ |
| મામાઈ બેન-બનેવી | : સ્વ. લક્ષ્મીબેન નાનજી રતનશી ગડા | ભચાઉ |
| માસા-માસી | : સ્વ. પુરીબેન કરસન દેવરાજ છેડા | ભચાઉ |
| | સ્વ. કેસરબેન ચાંપશી ગુણશી છાડવા | સામખીયારી |

**સાસરા પક્ષ**

| | | |
|---|---|---|
| સાળા-સાળાવેલી | : સ્વ. મુરઈબેન પદમશી આસુ ગાલા | લાકડીયા |
| | અ.સૌ. પાર્વતીબેન મણીલાલ આસુ ગાલા | લાકડીયા |
| | ગં.સ્વ. કુસુમબેન લક્ષ્મીચંદ આસુ ગાલા | લાકડીયા |
| | સ્વ. ચંદ્રાબેન શ્રી જયંતિલાલ આસુ ગાલા | લાકડીયા |
| | સ્વ. જયાબેન શ્રી મનોહર આસુભાઈ ગાલા | લાકડીયા |
| ભત્રીજા-ભ. વહુ | : અ.સૌ. વર્ષાબેન દેવ્યન પદમશી ગાલા | લાકડીયા |
| | અ.સૌ. નયનાબેન બીપીન ગાલા | લાકડીયા |
| | અ.સૌ. અનીતાબેન ભાવિન ગાલા | લાકડીયા |
| | અ.સૌ. રશ્મિબેન જતીન લક્ષ્મીચંદ ગાલા | લાકડીયા |
| | અ.સૌ. જીનલબેન નિકુંજ ગાલા | લાકડીયા |
| | અ.સૌ. હેત્વીબેન પ્રિયજ મનોહર ગાલા | લાકડીયા |
| ભત્રીજી-ભ.વર | : અ.સૌ. કંચનબેન પ્રવિણ દામજી ગડા | સામખીયારી |
| | ગં.સ્વ. દમયંતીબેન મનસુખ બાબુલાલ સત્રા | લાકડીયા |
| | અ.સૌ. નિકિતાબેન વિનોદ ખીમજી શાહ | નૂ.ત્રંબૌ |
| | અ.સૌ. વનિતાબેન વિપુલ મહેન્દ્ર ખોના | જામનગર |
| | અ.સૌ. પારૂલ બંકિમ પ્રવિણભાઈ ગડા | લાકડીયા |
| | અ.સૌ. તેજલ હાર્દિક જયંતિલાલ સાવલા | મનફરા |
| કા. સાસુ-સસરા | : સ્વ. નામાબા ભચુ મેપશી ગાલા | લાકડીયા |
| | સ્વ. કોરઈબા લધા મેપશી ગાલા | લાકડીયા |
| | સ્વ. પૂનઈબા મણશી મેપશી ગાલા | લાકડીયા |
| મામાઈ સાસુ-સસરા | : સ્વ. મોંઘીબેન બાબુભાઈ નોંઘા છેડા | લાકડીયા |
| | સ્વ. કોરઈબેન કરસન નોંઘા છેડા | લાકડીયા |
| માસીયાઈ સાસુ-સસરા | : સ્વ. ભચીબેન રામજી ખેતશી બૌઆ | લાકડીયા |
| મામાઈ સાળા-સાળાવેલી | : ગં.સ્વ. સાવિત્રીબેન જયંતિલાલ બાબુભાઈ છેડા | લાકડીયા |
| | અ.સૌ. દિવ્યાબેન છોટુભાઈ બાબુભાઈ છેડા | લાકડીયા |

| | | |
|---|---|---|
| | અ.સૌ. હેમલતાબેન ભરત કરસન છેડા | લાકડીયા |
| | અ.સૌ. કસ્તુરબેન માણેક કરસન છેડા | લાકડીયા |
| | અ.સૌ. કુંવરબેન મણીલાલ કરસન છેડા | લાકડીયા |
| માસીયાઈ સાળા-સાળાવેલી | : અ.સૌ.દિવાળીબેન કાંતી રામજી બૌઆ | આધોઈ |
| મામાઈ સાળી-સાઢુભાઈ | : ગં.સ્વ. રંજનબેન ખીમજી પોપટ કારીયા | ભચાઉ |
| | સ્વ. પ્રેમીલા શ્રી ધનજી વીરમ નિસર | લાકડીયા |
| | અ.સૌ. ઉષા જયંતિલાલ પુનશી નિસર | મનફરા |
| | ગં.સ્વ. ભાનુબેન શામજી જેસંગ ગાલા | લાકડીયા |
| | સ્વ. સરલા શ્રી જખુ ગોપાલ ગાલા | લાકડીયા |
| | અ.સૌ. વિજયા રમેશ ભાણજી ગડા | સામખીયારી |
| માસીયાઈ સાળી-સાઢુભાઈ | : ગં.સ્વ.ગોમતી અરજણ વીરજી ગાલા | આધોઈ |
| | સ્વ. જયેર શ્રી હંસરાજ વીરજી વધાણ | આધોઈ |
| | અ.સૌ. ગુણવંતી કેશવજી વિજપાર ચરલા | આધોઈ |
| ફુઈઆઈ સાસુ-સસરા | : સ્વ. માનુબેન જેઠા નાંઈઆ ગડા | લાકડીયા |
| | સ્વ. દેમતબેન આણંદજી કરમશી ગડા | સામખીયારી |
| | સ્વ. મેરઈબેન હભુ માલા શાહ | લાકડીયા |
| કા. સાળા-સાળાવેલી | : સ્વ. કામલબેન રામજી ભચુ ગાલા | લાકડીયા |
| | ગં.સ્વ. જયેરબેન શીવજી ભચુ ગાલા | લાકડીયા |
| | સ્વ. શાંતીબેન ગોપાલ લધા ગાલા | લાકડીયા |
| | સ્વ. પાર્વતીબેન ભાણજી લધા ગાલા | લાકડીયા |
| | સ્વ. ભાવલબેન રતનશી લધા ગાલા | લાકડીયા |
| | અ.સૌ. શાંતીબેન જખુ મણશી ગાલા | લાકડીયા |
| ફુઈઆઈ સાળા-સાળાવેલી | : સ્વ. નવલબેન / શ્રી ચાંપશી આણંદજી ગડા | સામખીયારી |
| | સ્વ. રમિલાબેન શ્રી મેઘજી હભુ શાહ | લાકડીયા |
| ફુઈઆઈ સાળી-સાઢુભાઈ | : સ્વ. કામલબેન વીરજી મેઘજી છાડવા | લાકડીયા |
| | સ્વ. હિરૂબેન પ્રેમજી જેઠા ગાલા | લાકડીયા |
| | સ્વ. મધુબેન હિરજી હેમરાજ ગાલા | સામખીયારી |
| | સ્વ. ધનીબેન ધનજી જગશી ગાલા | લાકડીયા |
| | ગં.સ્વ. ખીમઈબેન રવજી કરસન શાહ | લાકડીયા |
| | સ્વ. દિવાળીબેન કાનજી હીરજી કારીયા | ભચાઉ |
| | અ.સૌ. લક્ષ્મીબેન નાનજી જેઠા છેડા | લાકડીયા |
| | ગં.સ્વ. મંજુલાબેન બચુભાઈ નાથા ગડા | લાકડીયા |
| | ગં.સ્વ. દિવાળીબેન ગેલા ભીમશી છાડવા | લાકડીયા |
| | સ્વ. લક્ષ્મીબેન ખીમજી પેઠા કારીયા | ભચાઉ |
| કાકાઈ સાળી-સાઢુભાઈ | : સ્વ. મુરઈબેન પાંચાલાલ નિસર | સામખીયારી |
| | સ્વ. હિમાબેન ભચુ રામજી છેડા | લાકડીયા |
| | સ્વ. પાર્વતીબેન થાવર ભારમલ છેડા | લાકડીયા |
| | સ્વ. રત્નાબેન કુંવરજી ભીમશી ગડા | લાકડીયા |
| | સ્વ. ડાઈબેન ગુણશી વીરજી ગડા | સામખીયારી |
| | ગં.સ્વ. અમૃતબેન વેરશી ભીમશી ગડા | લાકડીયા |
| | અ.સૌ. ચાંપુબેન મેઘજી રણમલ શાહ | લાકડીયા |
| | સ્વ. ભાનુબેન પાલણ લાલજી કારીયા | લાકડીયા |
| | સ્વ. નાથીબેન વેલજી શામજી ગડા | લાકડીયા |
| વેવાઈ-વેવાણ | : ગં.સ્વ. પાર્વતીબેન ભીમશી નાંઈયા સત્રા | મનફરા |
| | સ્વ. હીમાબેન નરશી પોપટ ગડા | આધોઈ |
| | અ.સૌ. નિશાબેન સંજયભાઈ ઝવેરી | જામનગર |
| પરમ સ્નેહી | : સર્વે સ્નેહી તેમજ મિત્રવર્ગ | |

વિષાદની પળોમાં શરતચૂકથી કોઈના નામમાં
ભૂલચૂક થઈ હોય અથવા
કોઈનું નામ રહી ગયું હોય તો મિચ્છામી દુક્કડમ !
...જય જિનેન્દ્ર...

પ્રાર્થના સભા - શુક્રવાર, તા.૧૧-૯-૨૦૨૬ પ્રાર્થના સમય : બપોરે ૧.30 થી 3.00 ક. * શ્રદ્ધાંજલિ સભા : 3.૧૫ થી ૪.૧૫ ક.
* પ્રાર્થના સ્થળ * યોગી સભાગૃહ, સ્વામી નારાયણ મંદિરની બાજુમાં, દાદર (ઈસ્ટ), મુંબઈ. (વેલેટ પાર્કિંગની સુવિધા છે.)
શ્રદ્ધાંજલિ સભાનું પ્રમુખ સ્થાન શોભાવશે શ્રી ડો. નાગજી કેશવજી રીટા-પ્રમુખ - શ્રી વા. વી. ઓ. ચોવિસી મહાજન

ભક્તિગીત : શ્રીમતી રીટાબેન હરીયા
શ્રી ચેતન ગઢવી અને સાથી કલાકારો

લૌકિક વ્યવહાર બંધ છે.

રહેઠાણ : ૧૪૧-બી, લોઈડ્સ ગાર્ડન,
અપ્પા સાહેબ મરાઠે માર્ગ, પ્રભાદેવી, મુંબઈ
ઉદય શાહ-મો. 9820336256

# પ્રોપર્ટી

**દેવલાલીમાં સેકંડ હોમ – ૧૦% ડિસ્કાઉન્ટ**

વર્ધમાન સોસાયટીમાં (Scheme 1) માં, 910 Sq. Ft., 2 BHK, ૧લે માળે, ૨૪ કલાક પાણી, ઈસ્ટ-વેસ્ટ ઓપન, ભરપુર સુકી હવા-ઉજાસ મળશે. દેરાસર, સ્થાનક, પ્રિન્સ ભોજનાલય, શાકભાજી-ગ્રોસરીની દુકાન અને દવાખાનાની બાજુમાં અને પદ્માવતી સોસાયટીના જોડજોડ ફ્લેટ જોવા માટે રંજન શાહને સંપર્ક કરો : 9623534998.

2/1/1(6) -------- (B-11180)(6-1)

Fully Furnished 1022 Sq.feet spacious 2 BHK flat available on rent in Kutchi Sarvodaya nagar, Chembur (W) For details. please contact : Harin Rambhia-9820560707.

4/1/1(15) -------- (B-11209)(6-2)

**!! રોકાણકારો માટે ઉત્તમ તક !!**
**! ઘાટકોપર (ઈ.)માં પ્રી-લીઝડ પ્રોપર્ટી !**

નવી બીલ્ડીંગમાં, ૧લે માળે, 4435 Sq.feet કોમર્શીયલ પ્રી-લીઝડ જગ્યા (ભાડાની આવક 7% = 9.25 L+GST) વેંચાણથી ઉપલબ્ધ છે. રોકાણ માટે ઉત્તમ ! મળો : ધીરેન જાદવજી છેડા (રતાડીયા-ગણેશ) 9224343424. ઓફિસ : બીલ્ડીંગ નં. ૨૩. પંતનગર, ઘાટકોપર (ઈ.)

4/1/1(16) -------- (B-11212)(6-3)

**ઘાટકોપરનાં સ્પેશીયાલીસ્ટ બ્રોકર પાસે Surface પાર્કીંગ વાલા ફ્લેટો**

- 2 BHK 650 & 700 + કારપેટ
- 3 BHK 900, 1100 & 1200 કારપેટ
- 4 BHK 1400 + કારપેટ
- 5 BHK 1600 + કારપેટ
- 6 BHK 1800 + કારપેટ
- ૩ સાઈડ લાઈફ ટાઈમ ઓપન વ્યુ
- ઝીરો વેસ્ટેઝ પ્લાન
- નીયર જૈન દેરાસર અને ઉપાશ્રય
- વ્યક્તિગત કાર ઈ.વી. ચાર્જીંગ ઉપલબ્ધ
- ડબલ હાઈલાઈટ કરેલ પ્રવેશ લોબી
- Ready & nser Construction Available.
- Ghatkopar East & West Available.
- વાંચતા રહેશો તો રહી જશો. પસંદગીનો ફ્લોર જોવા આવશો તો લઈ જશો.
- સંપર્ક : પારસ નિસર (દેવપુર) 8097043013.

4/1/1(13) -------- (B-11195)(6-4)

**(JYF) જૈન યુથ ફોરમ**
**સ્વકલ્યાણથી સર્વ કલ્યાણ**

આજે હોટલમાં જવું નહીં. (અનર્થાદંડથી બચવા માટે)

- મારી ધારણા પ્રમાણે પચ્ચખાણ, ન કરેમિ, કાયસા તસ્સભંતે પડિક્કમામિ નિંદામી ગરિહામિ અપ્પાણં વોસિરામિ.
- વ્યવસાયિક, કૌટુંબીક અને માનસિક મુંઝવણોનું આધ્યાત્મિક તથા માનસિક માર્ગદર્શન અને કચ્છમાં હેલ્થ કાર્ડ માટે.
- આગામી કાર્યક્રમ : વ્યાપાર ઉત્સવ ૨૬ 2nd To 4th Oct. ૯૦% સ્ટોલ બુક થઈ ગયા છે. આજે જ બુક કરાવો. રજીસ્ટ્રેશન માટે સંપર્ક : ૯૩૭૨૯૭૬૬૬૫.
- જા.ખ. સૌજન્ય : માતુશ્રી શાંતાબેન ગાંગજી ગાલા (લારકીન્સ-મોખા)

2/1/1(12) -------- (A-11191)(6-5)

## KVOSJM શ્રી ક.વી.ઓ. સ્થાનકવાસી જૈન મહાજન-મુંબઈ

STHANAKWASI JAIN MAHAJAN

૭૦/૮૦, ડો. આંબેડકર રોડ, વોલ્ટાસની સામે, ચીંચપોકલી (ઈ.), મુંબઈ-400012.
સંપર્ક: 9082271273, સમય : ૧૧ થી ૫

### પર્યુષણ પર્વ નિમિત્તે સમાજોપયોગી પહેલ

શ્રી ક.વી.ઓ. સ્થાનકવાસી જૈન મહાજનવાડી, ચીંચપોકલીમાં વિવિધ વાતાનુકુલીત (એસી) હોલ પર્યુષણ પર્વ નિમિત્તે સાંજી, પારણા, ક્ષમાપના મિલન, મેળાવડો કે સ્વામી વાત્સલ્ય માટે આકર્ષક દરે ભાડું, કેટરીંગના અને ડેકોરેટર્સના વિવિધ પેકેજો સાથે જ્ઞાતિજનો માટે **તા. ૧૬ થી ૨૬ સપ્ટેમ્બર** સુધી ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે.

મહાજનવાડીના હોલમાં વધુમાં વધુ સભ્યો લાભ લઈ શકે તે માટે નીચે પ્રમાણે સમયના સ્લોટ નક્કી કરવામાં આવેલ છે.

| A હોલ | B હોલ | અમરસન્સ હોલ |
|---|---|---|
| સમય | સમય | સમય |
| ૧૦ થી ૧ | ૧૦ થી ૧ | ૧૦ થી ૧ |
| ૨ થી ૫ | ૨ થી ૫ | ૨ થી ૫ |
| ૬ થી ૯ | ૬ થી ૯ | ૬ થી ૯ |

કેટરીંગ માટે અતુલ વિસરીયા (ડી.ડી.એન્ડ સન્સ)
મો. નંબર : 9821167102 / 8898567001

નોંધ : વધુ વિગત માટે મહાજનશ્રીના કાર્યાલયમાં સંપર્ક કરવો.

લિ. : માનદ્ મંત્રીઓ

## KVOSJM શ્રી ક.વી.ઓ. સ્થાનકવાસી જૈન મહાજન-મુંબઈ

STHANAKWASI JAIN MAHAJAN

૭૦/૮૦, ડો. આંબેડકર રોડ, વોલ્ટાસની સામે, ચીંચપોકલી (ઈ.), મુંબઈ-૪૦૦૦૧૨.
સંપર્ક: 9082271273, સમય : ૧૧ થી ૫

### લોનાવલા આરોગ્યધામ

શ્રી ક.વી.ઓ. સ્થાનકવાસી જૈન મહાજન સંચાલિત
શ્રીમતી ઝવેરબેન પોપટલાલ પ્રેમજી
(સહયોગી દાતાશ્રી લાલજી વેલજી એંકરવાલા)
અને માતુશ્રી ઉમરબાઈ લાલજી વેલજી એંકરવાલા
આરોગ્યધામ લોનાવલા ના બ્લોક / બંગલા
**તા. ૧ ઓક્ટોબર થી ૪ નવેમ્બર ૨૦૨૬**
સુધી ૭ (સાત) અને ૧૪ (ચૌદ) દિવસના વપરાશ માટે ખાલી છે
ગ્રુપ બુકીંગ આવકાર્ય
વહેલો તે પહેલોના ધોરણે નોંધી આપવામાં આવશે.

નોંધ : દરેક રૂમનો કબ્જો બપોરના ૪ વાગ્યા પછી જ મળશે.

વધુ વિગત માટે મહાજનશ્રીના કાર્યાલયમાં સંપર્ક કરવો.

લિ. કન્વીનર : શ્રી લહેરચંદ રાયશી દેઢિયા

**શ્રી આઠ કોટી નાની પક્ષ જૈન સંઘ-બેંગલોર**

પર્યુષણ પર્વના પવિત્ર દિવસોમાં આત્મચિંતન, ક્ષમાપના, સ્વાધ્યાય અને પ્રતિક્રમણ દ્વારા જીવનને ધર્મમય બનાવવાના શુભ અવસરે આપ સૌને પધારવા ભાવભીનું આમંત્રણ.

- રવિવાર, તા. ૧૩/૦૯/૨૦૨૬ સવારે ૧૦:૩૦ થી ૧૨:૩૦ સુધી વક્તા: શ્રી તુષાર મહેતા, વિષય: મનુષ્ય ભવ. સ્થળ: MSI Services Pvt. Ltd., Level 4, 7/19 Palace Cross Road, Vasant Nagar, Bengaluru - 560020.
- મંગળવાર, તા. ૧૫/૦૯/૨૦૨૬ સામૂહિક આલોચના - સાંજે ૪:૦૦ વાગ્યે, સામૂહિક સંવત્સરી પ્રતિક્રમણ - સાંજે ૬:૧૫ વાગ્યે. સ્થળ: પીરાગલ હોમ્સ, ૭મી ક્રોસ, સરપેન્ટાઈન રોડ, કુમારા પાર્ક વેસ્ટ, શેષાદ્રીપુરમ, બેંગલોર.
- વધુ વિગત માટે સંપર્ક: નીરવ દોશી ૯૬૨૦૨૨૦૨૪૯.
- ધીરજ નાગડા (કારાઘોઘા) ૯૮૪૫૨૦૪૨૬૦.

2/1/1(1) -------- (A-11189)(6-6)

**શ્રી શાલીભદ્રની પેટી**

પેટીનાં ચઢાવા ચાલુ છે. ભાદરવા સુદ - એકમ મહાવીર જન્મ વાંચનનાં દિવસે આદેશ આપશે. પછી વાજતે ગાજતે ઘરે લઈ જવાની છે. પૂજ્ય મુનિરાજશ્રી વિશ્વાનંદ વિજયજી મ. સાહેબ પૂજ્ય મુનીરાજ શ્રી હેમકીર્તી વિજયજી મહારાજ સાહેબ પુજ્ય મુનીરાજ શ્રી વિવેકસાર વિજયજી મહારાજ સાહેબ શાતામા છે. સકલ જૈન સંઘોનાં સાધુ-સાધ્વીજી શ્રાવક-શ્રાવિકા ચતુર્વિધ સંઘને ત્રણેય મુનીરાજ શ્રી ખમાવે છે. ત્રિવિધ ત્રિવિધ મિચ્છામી દુક્કડમ્ આપે છે. ત્રણેય મુનીરાજ સુખ શાતામાં છે. સર્વે જીવોની ક્ષમાપના સાથે સૌનું હીત-સુખ ઈચ્છે છે. સકળ સંઘને વિનંતી છે કે મનુષ્ય જન્મ વારે વારે મળતો નથી. ધર્મ સાધનાથી મોક્ષ મેળવવાનો આ એ જ એક જ મનુષ્ય ભવ છે. તેથી પ્રમાદ ટાળીને એક ક્ષણ ગુમાવ્યા વિના મન વચન કાયાની શુદ્ધિ પુર્વક ધર્મ આરાધના કરી કર્મ બંધન તોડી પરમપદ એવું મોક્ષ મેળવશો. શાલીભદ્રની પેટી વિશે વિશેષ જાણકારી સંઘનાં આગેવાન શ્રી ઝવેરચંદભાઈ માલદેનો સંપર્ક કરશો. ઝવેરચંદભાઈ માલદે-૯૮૨૩૧૬૦૯૩૦. લિ. કીશોરભાઈ હરીયાનાં જય જિનેન્દ્ર. ૯૮૨૨૪૨૬૯૦૧. તા.ક. : પુસ્તકો વગેરે પર્યુષણ પછી શ્રી ચંદ્રપ્રભુ સ્વામી જૈન સંઘ-ઓશવાળ પાર્ક વસઈ ખારબાવ રોડ અંજુર ફાટા ભીવંડી.

4/1/1(2) -------- (A-11092)(6-7)

**સાર સંભાળ અને રસોઈ માટે યુવતીની જરૂર છે**

વૃદ્ધ સ્ત્રી વય : ૮૨ દેવલાલી ગ્રાઉન્ડ ફ્લોર વસતા માજીની સાર સંભાળ, દેખરેખ અને રસોઈ બનાવી આપે તેવી સ્ત્રીની જરૂર છે. ખાવા પીવા અને રહેવાની સગવડ મળશે. સંપર્ક : એચ. કે. દેઢિયા-૯૯૩૦૦૬૭૯૨૫.

4/1/1(3) -------- (B-11202)(6-8)

**ખબર પત્રિકામાં પ્રસિધ્ધ થતી વ્યક્તિગત કે સામૂહિક, સંસ્થાકીય કે વ્યાવસાયિક જાહેરાતો અને નિવેદનો તેમના પોતાના હોય છે, એમાંથી ઉદ્‌ભવતાં પરિણામો વિશે ખબર પત્રિકા સમિતિ જવાબદાર નથી.**

॥ શ્રી સુવિધિનાથાય નમઃ ॥

॥ અચલગચ્છ શણગાર શ્રી આર્ય-કલ્યાણ-ગૌતમ-નીતિ-ગુણ-ગુણોદય-કલાપ્રભ-કવીન્દ્ર-વીરભદ્ર-મહોદયસાગરસૂરિ ગુરુભ્યો નમઃ ॥

# શ્રી કચ્છી વીસા ઓસવાળ દેરાવાસી જૈન મહાજન-મુંબઈ

## શ્રી લાલવાડી (ધર્મપુરી) તીર્થે, શ્રી સુવિધિનાથ દરબારે...

પર્વાધિરાજ પર્યુષણના પાવનકારી પર્વોત્સવે **ભવ્ય પ્રભુ ભક્તિમાં ઝુમવા**

તથા **પ્રભુમય બનવા ભાવભર્યું આમંત્રણ**

**by Singer Devi Gala Chheda & Team**



**Day 4 — 11 SEP 2026**
રાત્રે ૮.૦૦ વાગે : પ્રભુ ભક્તિ ભાવના
Shasan CONCERT
A Melodious Fusion of Jain Stavan

**Day 6 — 13 SEP 2026**
રાત્રે ૮.૦૦ વાગે : પ્રભુ ભક્તિ ભાવના
અંતરનાદ
The Inner Tune

**Day 7 — 14 SEP 2026**
રાત્રે ૮.૦૦ વાગે : પ્રભુ ભક્તિ ભાવના
Echoes of Jinvaani

લિ. શ્રી ક.વી.ઓ. દેરાવાસી જૈન મહાજન-મુંબઈ

VARDHMAN PAREL - 9819969516

---

## આત્મીય સ્નેહી અરવિંદભાઈ એવમ્ પરિવારના મોભીની વિરહ વેદનામાં અર્પીએ દિલસોજી
## સમાજસેવાના સૂર્ય સમા પ્રખર...યુગ પુરૂષની વિદાય...ભાવભીના શ્રધ્ધાસુમન...

દીવો બુઝાય છે, પ્રકાશ નહીં, ફૂલ ખરી પડે છે, સુવાસ નહીં
મહાન આત્મા વિદાય લે છે, પરંતુ તેના સદ્‌કર્મોની કીર્તિ ક્યારેય વિદાય લેતી નથી.



# શ્રી હેમરાજભાઈ વીરમભાઈ શાહ (છેડા)

**કચ્છ : સામખીયારી - મુંબઈ : પ્રભાદેવી**

સંસ્કારની શીતળ છાંય બની અનેક હૃદયોને શીતળતા આપનાર,
કચ્છની માટીની મહેકને મુંબઈની ધરતી પર પ્રસરાવનાર
અને સમાજજીવનમાં સેવા-સમર્પણની અવિસ્મરણીય ગાથા રચનાર
બૃહદ મુંબઈ ગુજરાતી સમાજ અને કચ્છ શક્તિના સ્થાપક પ્રમુખ તરીકે
તેમણે સમાજને માત્ર સંગઠિત જ ન કર્યો, પરંતુ સેવાભાવ, એકતા અને સંસ્કારનું
એવું વટવૃક્ષ રોપ્યું જેની છાયામાં અનેક પેઢીઓ પ્રેરણા લેતી રહેશે.
તેમની વિદાયથી એક વ્યક્તિ નથી ગઈ એક વિચાર, એક યુગ અને એક સેવાભાવી
સંસ્થાકીય વારસો આપણી વચ્ચે સ્મૃતિ બનીને રહી ગયો છે.
દિવંગત આત્માને શાશ્વત શાંતિ પ્રાપ્ત થાય અને પરિવારજનો ને
આ અપૂરણીય વિયોગ સહન કરવાની શક્તિ મળે એવી અંતરની પ્રાર્થના.

(CLB-11204)
RASHMI SWEETS
Matunga - 19

**કિશોર ચુનીલાલ ગાલા, પેરીન કિશોર ગાલા**
(કચ્છ : ગામ - લાખાપુર, મુંબઈ : માટુંગા)

NEEL PARI - 9322299742

**ભરત સાવલા સંચાલીત સાવલા ટુર્સ**
**યાત્રા-પ્રવાસના : વિવિધ યશસ્વી આયોજનો**

'સાવલા ટુર્સ' દ્વારા સપ્ટે. ૨૦૨૬ થી જુલાઈ ૨૦૨૭ દરમ્યાન શ્રી સમેતશિખરજી - ઉત્તર પ્રદેશના યાત્રા કલ્યાણકો- પંજાબ - મધ્ય પ્રદેશ - કેરેલા સહિતના અનેક તિર્થો તથા જોવા/ ફરવા લાયક સ્થળોનું આયોજન નિધરિલ છે. કેટલાંક પ્રવાસ Booked છે. તો કેટલાંક આયોજનમાં યાત્રિકો / પ્રવાસીઓનું બુકીંગ આવકાર્ય છે. જાણકારી માટે સંપર્ક : 'સાવલા ટુર્સ' (નવાવાસ/ ઘાટકોપર) ભરત સાવલા : 7021483923 - 9324069295 / કલ્પેશ સાવલા : 9769060828.

2/1/1(8) -------- (B-11182)(8-1)

**''સોની કાનજી આણંદજી જ્વેલર્સ''**
**! રેપ્યુટેડ જ્વેલર્સ : ૧૯૬૮ થી મુંબઈમાં !**

કલાત્મક ડિઝાઈનો અને નીતનવી વેરાયટીઓમાં ગોલ્ડ અને ડાયમંડ જ્વેલરીનું બેનમૂન કલેકશન.

● સોની કાનજી આણંદજી જ્વેલર્સ (કચ્છ : ફરાદીવાલા) બી/૧૮, રોયલ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, સહકાર નગરની સામે, નાયગાંવ ક્રોસ રોડ, વડાલા, મુંબઈ-૩૧. ફોન : 41755500, 24150572.

2/1/1(7) -------- (N-11183)(8-2)

**ટોપેક્સ આઈ કેર (વિલે પારલે ઈસ્ટ સ્ટેશન પાસે)**

મુંબઈનું સૌથી મોટું લેઝર આઈ સેન્ટર તમારી આંખો, અમારી જવાબદારી એક જ સ્થળે આખા પરિવારની આંખોની કાળજી બાળકો થી વૃદ્ધો સુધી-આંખોની સુરક્ષા ટોપેક્સ સાથે. સુવિધા - દરેક પ્રકારના આંખના ઓપરેશન- ચશ્માના નંબર કાઢવાના લેસિક ઓપરેશન, મોતિયાના ઓપરેશન, આંખના પડદાનો ઓપરેશન, ઝામર ના ઓપરેશન, ત્રાસી આંખના ઓપરેશન, દરેક પ્રકારના આંખોના સ્કેન - ઓ સીટી (OCT) સ્કેન, એચ વી એફ સ્કેન (HVF), આઈઓએલ (IOL) માસ્ટર, લેસિક સર્જરી માટે કોર્નીયલ ટોપોગ્રાફી (Topography), કોમ્પ્યુટરાઈઝ્ડ આંખના નંબરનું ચેકઅપ, આંખના પ્રેશર નું ચેકઅપ, ડાયાબિટીસના દર્દીઓ માટે આંખના પડદાનું ચેકઅપ, નાના બાળકો માટે સાયકલો રિફ્રેક્શન ચેકઅપ દરેક પ્રકારના આંખના લેઝર ની સુવિધા - ચશ્મા ના નંબર કાઢવાનું લેઝર, આંખના પડદાનું લેઝર, ઝામર ઓછું કરવાનું લેઝર, મોતિયાના ઓપરેશન પછી છારી કાઢવાનું લેઝર, મોતિયાના ઓપરેશન માટેનું લેઝર, દરેક પ્રકારના ઈન્સ્યોરન્સ નું કવરેજ મળશે. ઈએમઆઈ (EMI) માં પેમેન્ટ કરવા માટેનું ઓપ્શન મળશે. ચેકઅપ નુ ચાર્જ ફક્ત રૂા. ૨૦૦ (પત્રિકાની જાહેરાત લાવવા વિનંતી). ડો. જીગ્નેશ મણશીભાઈ અવચર ગાલા ને મળવાનો સમય ૧:૦૦ વાગ્યા થી ૫:૦૦ વાગ્યા સુધી અને ડો. નમ્રતા જીગ્નેશ ગાલા ને મળવાનો સમય સવારે ૧૦:૦૦ વાગ્યાથી સાંજે ૭:૦૦ વાગ્યા સુધી. સરનામું : ૩૦૧, ટોપેક્સ આઈ હોસ્પિટલ, ટ્રિનિટી સ્ક્વેર, મોંઘી બાઈ રોડ, છેડા જ્વેલર્સ ઉપર, વિલે પાર્લે (ઈસ્ટ) સ્ટેશન પાસે, મુંબઈ - ૪૦૦૦૫૭. સંપર્ક : 7045000503, 08591719982. આંખોની કાળજી લો, ચશ્મા મુક્ત જીવન તરફ આગળ વધો !

4/1/1(4) -------- (B-10913)(8-3)

**ફાગુન પરફ્યુમર્સ ધુપ સ્ટીક્સ અને અગરબત્તી**

જિનાલય, ગૃહ જિનાલય, પ્રભાવના માટે, તીર્થ ભૂમીએ લઈ જવા માટે પ્રીમીયમ ક્વોલીટી ધુપસ્ટીક્સ ૪', ૫', ૬', ૮', ૯' બામ્બુલેસ પતલી જાડી, ધોકા સ્ટીક્સ, ટ્રાન્સપરન્ટ પાઉચ પેક, બોક્સ પેક, જાર પેકમાં ૧૦૦ થી વધુ ફ્રેગરેન્સસ અને સાઈઝ ઉપલબ્ધ. રેન્જ માત્ર ૩૬૦/- પર કિ.ગ્રા. થી ચાલુ. ભારતભરમાં ફ્રી ડોર ડીલીવરી. પ્રીમીયમ મસાલા ધુપસ્ટીક્સ, ધુપ કોન, ધુપ પાવડર, લોબાન, સામરાની, ધુપ, ગુગળ, સુખડ, કસ્તુરી, લોબાન ધુપ કપ પણ ઉપલબ્ધ. કેતન દેઢીયા (કોટડા) મુંબઈ-૯૮૨૫૪૯૭૪૩૭.

4/1/1(5) -------- (B-11176)(8-4)

**શ્રી વાંકી આઠ કોટી મો.પ.સ્થા. જૈ. સંઘ ચાતુર્માસનાં ૪ મહીના વ્યાખ્યાન પ્રભાવનાનાં દાતાશ્રી**

ગચ્છાધિપતિ પ.પૂ. આચાર્ય શ્રી દેવજી સ્વામીની ગાદી અમર તપો શ્રી દેવ-કર્મ-નાગ-રત્ન-લઘુ-પ્રાણ-વિનોદ ગુરુભ્યો નમઃ વર્તમાન આચાર્ય શ્રી પ.પૂ.નવીનચંદ્રજી મ.સા.ને કોટી કોટી વંદન.

● દીક્ષા દાતા, શાસન પ્રભાવક, પ.પૂ. આ. ગુ. શ્રી છોટાલાલજી મ.સા.ના તથા પૂજ્ય ગુરૂણીમૈયા મણીબાઈ મ.સ. ટોડાવાળાના સુશિષ્યા પ.પૂ. સુનીતાબાઈ મ.સ.જી (ટોડા) અને આપણા ગામના નિયાણી પ.પૂ. મુદિતાબાઈ મ.સ.જી (છસરા) આદિ ઠાણા-૨ ચાતુર્માસ અર્થે શ્રીસંઘમાં બિરાજમાન છે.

● રૂ. ૨,૦૦૦/- (૧) માતુશ્રી ગુણવંતીબેન દામજી નાનજી છેડા, (૨) માતુશ્રી મણીબેન વશનજી મણશી ભેદા, (૩) અ.સૌ. નીતાબેન હિતેશ કેશવજી છેડા, (૪) માતુશ્રી ભાનુબેન હરખચંદ ગોસર છેડા, (૫) માતુશ્રી ગોમીબેન રામજી ભુલા છેડા, (૬) માતુશ્રી કુંવરબાઈ દેરાજ દેવશી છેડા, (૭) અ.સૌ. જયશ્રીબેન નવીન લાલજી નંદુ, (૮) અ.સૌ. ઈલાબેન નવીન ગાંગજી છેડા, (૯) માતુશ્રી રંજનબેન જયંતીલાલ ગાંગજી છેડા, હ. અ.સૌ. નિકીતા કેતન છેડા, (૧૦) માતુશ્રી ચંચળબેન લવજી મીઠું ગાલા, (૧૧) અ.સૌ. ઉષાબેન ભરત લખમશી છેડા, (૧૨) અ.સૌ. નિર્મળાબેન ચંદ્રકાંત લાલજી કકકા, (૧૩) અ.સૌ. મીનાબેન કિરણ વીરજી વીરા, (૧૪) અ.સૌ. ચારુલતાબેન શાંતિલાલ ગલાલચંદ દેસાઈ, (૧૫) માતુશ્રી પ્રભાબેન દામજી ગોસર છેડા, (૧૬) અ.સૌ. વિજયાબેન હેમંત કેશવજી સાવલા, (૧૭) અ.સૌ. પુષ્પાબેન ભરત વીરજી નંદુ, (૧૮) માતુશ્રી પાનબાઈ વેલજી મેરગ છેડા, હ. જયંતીલાલ છેડા, (૧૯) અ.સૌ. હિનાબેન અજીત દામજી ગોગરી, (૨૦) અ.સૌ. રશ્મીબેન પોપટલાલ મીઠું ગાલા, (૨૧) ચિ. પ્રાન્સ અવની અંકીત દેઢિયા (મેરાવા), (૨૨) માતુશ્રી કસ્તુરબેન પોપટલાલ પ્રેમજી ગાલા, હ. રાજેશ પોપટલાલ ગાલા, (૨૩) અ.સૌ. વીધી પ્રેમ જતીન ગડા (બાડા), (૨૪) માતુશ્રી કાંતાબેન ધનજી શીવજી ભેદા, (૨૫) માતુશ્રી ચંચળબેન મોરારજી શામજી દેઢિયા, (૨૬) અ.સૌ. જ્યોતિબેન અનીલ વશનજી દેઢિયા, (૨૭) માતુશ્રી વેલબાઈ રવજી કરમશી ધરોડ, હ. અ.સૌ. રેખાબેન રાજેશ, (૨૮) અ.સૌ. સ્મિતાબેન વસંત કુંવરજી છેડા, (૨૯) કુ. ઝલક અલ્પેશ તનસુખ ધરોડ.

● રૂ. ૧,૦૦૦/- (૧) ચિ. રચિત જયોતી જીતેન્દ્ર સાવલા, (૨) શ્રી કાંતીભાઈ ભવાનજી દેવન છેડા, (૩) અ.સૌ. કલ્પનાબેન રાજેશ પ્રેમજી સાવલા, (૪) અ.સૌ. સ્મિતાબેન કીરીટ ભવાનજી છેડા, (૫) કુ. આર્ચી તરૂણ દિલીપ સંગોઈ, (૬) અ.સૌ. ભારતીબેન રવીલાલ લાલજી છેડા, (૭) અ.સૌ. રંજનબેન શાંતિલાલ દેવજી ગાલા, (૮) શ્રી અશોક વશનજી મણશી ભેદા, (૯) માતુશ્રી રતનબેન વશનજી વેલજી છેડા, (૧૦) ચિ. ઉમંગ કેકીન દીનેશ છેડા, (૧૧) અ.સૌ. તનવી લોકેશ રમણીકલાલ શેઠીયા - ભૂજપુર, (૧૨) માતુશ્રી દેવકાબેન લાલજી માલશી છેડા, હ. અ.સૌ. પ્રભાબેન રમેશ, (૧૩) માતુશ્રી વિમળાબેન કાનજી સ્વરાજ છેડા. (૧૪) અ.સૌ. હર્ષાબેન સુરેશ ભવાનજી છેડા. સર્વે લાભાર્થી દાતાશ્રીઓનો ખુબ ખુબ આભાર.. અનુમોદના... લિ. મંત્રીઓ

4/1/1(17) -------- (A-11213)(8-5)

**શ્રી ક.વિ.ઓ. સેવા સમાજ**
☎ ૨૩૭૧૪૬૭૪-૨૩૭૭૩૦૩૨ ☎
www.kvoss.org

**તા.૧૧ સપ્ટેમ્બર સેવા સમાજ 'શુભેચ્છક દાતા'**

સ્વ. શ્રી છોટાલાલ પૂંજાભાઈ તથા સ્વ. શ્રીમતી મણિબાઈ છોટાલાલ (કોડાય)નાં સ્મરણાર્થે સુપુત્રી વિજયાબેન પોપટલાલ હીરજી (નાના ભાડીયા) તરફથી.

● શ્રીમતી ચંચલબેન મગનલાલ દામજી ફુરીયા (ડોણ)નાં સ્મરણાર્થે શ્રી ડુંગરશી લાલજી કચરા દેઢિયા પરિવાર (મેરાઉ) તરફથી.

● અ.સૌ. મંજુલાબેન મણીલાલ ગડા (ભુજપુર)નાં જન્મદિન નિમિત્તે હસ્તે ડો. દીપ્તિ શશીન શાહ તથા ડો. દર્શિકા, ડો. નિખીલ કેલકર તરફથી.

● અ.સૌ. મંજુલાબેન ભરત નાગડા (નરેડી)નાં જન્મદિન નિમિત્તે માતુશ્રી મણિબેન લક્ષ્મીચંદ દાદા પરિવાર તરફથી.

● ડો. તુષાર રતિલાલ વોરા (M. D. હાલે USA)નાં જન્મદિન માટે ડો. શાંતાબેન રતિલાલ વોરા (કુંદરોડી - મલાડ) તરફથી મળેલ અનુદાન બદલ શ્રી ક. વિ. ઓ. સેવા સમાજ એમનો હાર્દિક આભાર માને છે. જન્મ, લગ્ન કે પુણ્યતિથિ કોઈ પણ પ્રસંગને યાદગાર બનાવવા સેવા સમાજ 'શુભેચ્છક દાતા' યોજનામાં જોડાવવા રૂા. ૧૧૦૦૦/- (૧૫ વર્ષ માટે)નું અનુદાન આપી આયકર કલમ ૮૦-જી બાદ મેળવો. લિ. માનદ્ મંત્રીઓ.

2/1/1(1) -------- (A-11125)(8-6)

**માતુશ્રી વાલબાઈ મુલજી હીરજી શાહ (સણોસરાવાળા)**
**શ્રી ભક્તિ પ્રેમ સુબોધ ગૌશાળા કોડાય**

પ.પૂ.ગુરૂ મહારાજ શ્રી વિજયસુબોધસુરીશ્વરજી મ.સા.ના શિષ્ય રત્ન કોડાય કોહિનુર પ.પૂ. મુનિશ્રી વિદ્યાચંદ્રવિજયજી મ.સા.ની પ્રેરણાથી ટ્રસ્ટ સંચાલિત ઉપરોકત ગૌશાળા માં તા.૯-૯-૨૦૨૬ થી તા. ૧૫-૯-૨૦૨૬ સુધી લીલો ઘાસચારો રોજની એક ગાડી પ્રમાણે રૂા.૮૬૬૨૫/- નું અનુદાન નીધીબેનના સિધ્ધિ તપ નિમિત્તે હ.માતુશ્રી કલાવંતીબેન મંગળદાસ ગાંધી હ. સમીરભાઈ અમદાવાદવાળા તરફથી મળેલ છે. દાતાશ્રીની ખુબ ખુબ આભાર સાથે અનુમોદના.

● અબોલ ગાય માતાઓના આશીર્વાદ સદાય આપના ઉપર વરસતા રહે એવી અભ્યર્થના. દાન માટે સંપર્ક : ધીરજ વિસરીયા - ૯૮૬૯૦૨૩૪૨૬ લિ. ટ્રસ્ટીઓ. શ્રી ધર્મ-ભકિત-પ્રેમ-સુબોધસુરી આરાધના ભવન જૈન ટ્રસ્ટ.

4/1/1(11) -------- (A-11193)(8-7)

**તહેવાર ઉજવો મધુબાલા લાડુ સાથે**
**હવે મુલુંડમાં ઓલ મુંબઈ હોમ ડીલીવરી ફ્રી**

પ્રીમીયમ ગોડીયા, ફીણીયા, કાજુકતલી, સુગર ફ્રી લાડુ-મીઠાઈ, ચોકલેટ...

● સંપર્ક : મધુબાલા ગૃહઉદ્યોગ, દેવી દયાળ રોડ, મુલુંડ (વે)

● ચેંબુર : મનાલી ભાનુશાલી : 7208970765

● સેલ્સ ડીવીઝન : 9323959750 (એરીયા પ્રમાણે) ડીલર-સેલ્સમેન નીમવાના છે. રસ ધરાવતા ભાઈ-બહેનો સંપર્ક કરી શકો છો.

2/1/1(3) -------- (B-11034)(8-8)

**પ્રોપર્ટી Loan 8.00%***

આદરણીય જ્ઞાતિજનો માટે 0%* સર્વિસ ચાર્જ તમારી પ્રોપર્ટી પર હવે મેળવો Mortgage Loan માત્ર 8.00%* થી. વેપાર માટે અથવા પર્સનલ જરૂરીયાત માટે સંપર્ક કરો શીતલ ગ્રુપ, બોરીવલી વે. અંબાવી હાથીયાણી-7700007204.

4/1/1(9) -------- (N-11181)(8-9)

**શ્રી મુલુંડ આઠ કોટી નાની પક્ષ સ્થા. જૈન સંઘ સંવત્સરી આલોયણા અને પ્રતિક્રમણ**

શ્રી સંઘે મુલુંડ વેસ્ટ અને ઈસ્ટ માટે મંગળવાર, તા. ૧૫/૦૯/૨૦૨૬ ના સામુહિક આલોયણા અને પ્રતિક્રમણની વ્યવસ્થા કરી છે ભાઈઓ, બહેનો, યુવક અને યુવતીઓએ બહોળી સંખ્યામાં લાભલેવા વિનંતી.

● વેસ્ટ માટે : આલોયણા માટે સવારના ૯:૩૦ કલાકે આવી જવું ૧૦:૦૦ વાગ્યે શાર્પ શરૂ કરવામાં આવશે અને પ્રતિક્રમણ સાંજના ૬:૧૫ કલાકે. સ્થળ ધ પેલેસ બેન્કવેટ્સ હોલ, ૧ લા માળે ભાઈઓ માટે અને ૨ જા માળે બેહનો માટે વિકાસ સેન્ટર, નેતાજી સુભાષ ચંદ્ર બોસ અને સેવારામ લાલવાણી રોડનો જંકશન, ઈન્ડસલેન્ડ બેંકની ઉપર, લિફ્ટ અને વેલે કાર પાર્કિંગની વ્યવસ્થા છે.

● ઈસ્ટ માટેઃ પ્રતિક્રમણ સાંજે ૬:૧૫ કલાકે સમર્પણ હોલ હુતાત્મા ચાફેકર બંધુમાર્ગ, મુલુંડ ઈસ્ટ લિ. શ્રી મુલુંડ આઠ કોટી નાની પક્ષ જૈન સંઘ.

4/1/1(14) -------- (A-11206)(8-10)

**ચાલો મણીલક્ષ્મી તીર્થ, સ્ટેચ્યુ યુનીટી, પોઈચા**
**ઉ. ૨-૧૧ ફુલ, ૧૦-૧૧ની બુકીંગ ચાલુ છે**

રમણ શેઠીયા સંચાલિત...મણીલક્ષ્મી તીર્થ પંચતીથી સાથે સ્ટેચ્યુ યુનીટી જેમાં વિવિંગ ગેલેરી, વ્યુ પોઈન્ટ, મ્યુઝીયમ, લેઝર શો, જંગલ સફારી, ક્રુઝ, મેઝ ગાર્ડન, દિ. ૩. ઉ. ૨-૧૧ ફુલ આભાર. ૧૦-૧૧માં જુજ સીટો. એ.સી. રૂમો, એ.સી. બસ. ઘર જેવુ ટેસ્ટી જમવાનું. સ્ટેચ્યુમાં ફોર સ્ટાર હોટલ અને ફરવા માટે પ્રાઈવેટ વાહન. સં. 9372971397, 9326205589.

